સંદેશ પાના નં.૦૨ તા. ૦૯.૦૬.૨૦૨૫

# શહેરના છેવાડાના વિસ્તાર વસ્ત્રાલમાં રોકાણ અને રહેવાની ઉત્તમ સુવિધા


## રિંગરોડ પર ટ્રાન્સપોર્ટેશનથી લઈ મધ્યમ વર્ગને બજેટમાં ફિટ થાય તેવા મકાનો

। અમદાવાદ ।

શહેરમાં સતત ઉત્તર અને પૂર્વ વિસ્તારોમાં વિકાસ થઈ રહ્યો છે. જેમાં નવા નવા વિસ્તારોના સમાવેશ થયા બાદ ત્યાં વિવિધ પ્રોજેકટોની સંખ્યા વધી રહી છે. હાલમાં છેવાડાના વિસ્તારોમાં પૂર્વના વસ્ત્રાલમાં રોડ રસ્તાની સાથે મેટ્રો ટ્રેનની કનેક્ટિવિટી તેમજ એક્સપ્રેસ હાઈવેથી નજીક હોવાના કારણે લોકોની પસંદગી તેના તરફ વધુ જોવા મળી રહી છે. તેમજ વસ્ત્રાલમાં ન્યુ વસ્ત્રાલ અને નરોડામાં રિંગરોડથી નવા નરોડા જેવા વિસ્તારોમાં આસપાસના ગામડાઓનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે જેના કારણે રોકાણકારોની પસંદગી બની રહી છે.

### રહેણાંક પ્રોજેક્ટમાં મધ્યમવર્ગ અને તમામ વર્ગને મળી રહે તેવી સુખ સુવિધાની વ્યવસ્થા

વસ્ત્રાલ અને ન્યૂ વસ્ત્રાલની આસપાસ રહેણાંક પ્રોજેક્ટ્સમાં સામાન્ય રીતે આધુનિક સુવિધાઓ જેવી કે લેન્ડસ્કેપ્ડ ગાર્ડન, સ્વિમિંગ પૂલ, ફિટનેસ સેન્ટર, ક્લબહાઉસ અને ૨૪/૭ સુરક્ષાનો સમાવેશ થાય છે. તેમજ આસપાસના વિસ્તારોમાં તળાવ અને ગાર્ડનને વિશેષ રીતે ડેવલોપ કરવામાં આવી રહ્યા છે. આ પ્રકારની સુવિધાઓ હોવાના કારણે જીવનની ગુણવત્તામાં વધારો કરે છે. જ્યારે બિઝનેસ પ્રોજેક્ટ્સમાં ઓફિસો, શોરૂમ અને રિટેલ માટે જગ્યાઓ છે. જેના કારણે અહીં વિવિધ મલ્ટીનેશનલ ઓફિસ અને કંપનીઓની હેડ ઓફિસ પણ અહીં જ ઉપલબ્ધ થઈ રહી છે. તેમજ રોકાણકારોને પણ એફોર્ડેબલ અને લક્ઝુરિયસ મકાનો મળી રહેતાં ઘણાં વિકલ્પો ઉપલ્બધ રહેલા છે. આ વિસ્તારમાં મકાનની કિંમતો પણ લોકોના બજેટના ફ્રેન્ડલી રહેલી છે. જેથી લોકોને તેમાં વધુ રસ જોવા મળી રહ્યો છે.



## વસ્ત્રાલની શહેરના વિવધ રોડ સાથે મેટ્રો, BRTS અને AMTS ટ્રાન્સપોર્ટેશનની સુવિધા વધતાં રોકાણ માટેની ઉત્તમ તક

BRTS અને AMTS ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પૂર્વના ઘણાં વિસ્તારો માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ રહી છે. હાલમાં જ નવા બજેટ સાથે બસની સુવિધા અને મેટ્રોની સુવિધા વસ્ત્રાલ સુધી ફેલાયેલી છે અને તેના આસપાસના વિસ્તારોમાં પણ સરળતાથી ત્યાં પહોંચી શકાય છે. જ્યારે હાલમાં જ બસ ડેપોની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે જેના કારણે ત્યાંથી શહેરની બહાર અવરજવર કરતાં લોકોને પણ રાહત મળી શકે છે. આ વચ્ચે એસપી રિંગ રોડ અને વડોદરા એક્સપ્રેસવેની સરળ એક્સેસ સાથે વસ્ત્રાલ તેના અનુકૂળ સ્થાનથી લાભ મેળવે છે. તેમજ તેના નજીકમાં જ મેટ્રોની કનેક્ટિવિટી પણ રહેલી છે જેથી લોકોને અવરજવર કરવા માટે પણ સરળતા રહે છે. આ તમામ પાસાને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં વસ્ત્રાલ હાઉસિંગની દૃષ્ટિએ સૌથી મહત્ત્વનું સેન્ટર બની રહ્યું છે. જેમાં પણ ન્યૂ વસ્ત્રાલ જેવો વિસ્તારનો વિકાસ થતાં તેનું પણ એક્સ્પાન્સન થઈ રહ્યું છે.